# શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરામાં ગૂજરાત વિદ્યાપીઠનો સ્થાપના દિન ઉજવાયો








ચિલોડા, તા. ૩૦

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા અને ગ્રામસેવા મહાવિદ્યાલય સાદરાના સંયુક્ત ઉપક્રમે ગૂજરાત વિદ્યાપીઠનો સ્થાપના દિન યોજવામાં આવ્યો. કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે સિનીયર પ્રાધ્યાપક ડૉ. ઉદાજી પરમાર હાજર રહ્યા હતા અને ગૂજરાત વિદ્યાપીઠના ધ્યેયોનું વાંચન કરાવ્યું હતું. અને ડૉ. ઉદાજી પરમાર લાંબી શારીરિક શિક્ષણની સેવા આપી આવતી ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ના દિવસે સેવા નિવૃત્ત થઈ રહ્યા છે. કાર્યક્રમમાં ધ્વજ રક્ષક તરીકેની જવાબદારી ડૉ. અરવિંદભાઈ રામીએ નિભાવી હતી. ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના પૂજ્ય મહાત્મા ગાંધીજીએ ૧૯૨૦માં કરી હતી. તે પ્રમાણે ગૂજરાત વિદ્યાપીઠ પોતાના ગૌરવશાળી ૧૦૦ વર્ષ પૂર્ણ કરીને ૧૦૧માં વર્ષમાં પ્રવેશ કરી રહી છે. અન્ય કાર્યક્રમોમાં બધા સેવકોએ પરિસરની અને સંસ્થાના બિલ્ડીંગની સમૂહ સફાઈ કરી હતી. જેમાં બધા સેવકો વિવિધ ટુકડીઓમાં વહેંચાઈને જુદા જુદા સ્થળે યજ્ઞાર્થ સફાઈમાં જોડાયા હતા. બંને મહાવિદ્યાલયના સેવકો પરિસરની અંદર ગાંધી ગીતો સાથે રેલીમાં જોડાયા હતા. સાથે સાથે રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકોએ ગાંધી સાહિત્યનુ એક વેચાણ કેન્દ્રનું સાદરા ગામમાં આયોજન કર્યું હતું. જેમાં વિદ્યાર્થી રણવીરસિંહ રહેવરે ગાંધીજીના વિવિધ સાહિત્યને લગતા પેમ્પલેટ અને ફોટાનું વિતરણ કર્યું હતું. અને ગામમાં ગાંધી વિચાર લોકોમાં ફેલાય તેને ધ્યાનમાં રાખી પૂજ્ય મહાત્મા ગાંધીની લોકપ્રિય પુસ્તકોનું વેંચાણ પણ કર્યું હતું. બંને મહાવિદ્યાલયના સેવકોએ પોતાના ઉપાસના ખંડના સોશિયલ ડિસ્ટન્સિંગના પાલન સાથે પ્રાર્થના, ભજન અને કાંતણનું કાર્ય પણ કર્યું હતું. શારીરિક શિક્ષણ વિભાગના ડીનશ્રી ડો. પ્રભુલાલ કાસુન્દ્રાએ ઉપાસના ખંડમાં ગાંધીજીના જીવન ચરિત્ર પર સરસ વ્યાખ્યાન આપ્યું હતું પછી બધાજ સેવકોએ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજિત બંગાળના પૂર્વ રાજ્યપાલ અને ગાંધીજીના પ્રપૌત્ર ડૉ. ગોપાલ કૃષ્ણ ગાંધીનું વ્યાખ્યાન ઓનલાઈન માધ્યમથી નિહાળ્યું હતું જેમાં અન્ય મહેમાન તરીકે ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી ઈલાબહેન ભટ્ટ, કુલનાયકશ્રી ડૉ અનામિકભાઈ શાહ, કાર્યકારી કુલસચિવશ્રી ડૉ. ભરતભાઈ જોશી, માનદ નિયામકશ્રી વિસ્તરણ વિભાગ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી, ટ્રસ્ટીશ્રીઓ ડૉ. સુદર્શનભાઈ આયંગર, અને ડો. મંદા બહેન પારીખ તથા આઈ. કયું. એ. સી.ના સંયોજક ડૉ. નિમિષા બહેન શુક્લ હાજર રહ્યા હતા. સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન અને સંચાલન સંસ્થાના ડીન ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા અને મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલયના સંયોજક શ્રી રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી




**નેન્વી ગૌતમકુમાર અમીન**


**મો. ૯૭૨૩૨ ૭૫૧૫૧**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# બાપુ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના ડિગ્રી એંન્જીનીયરિંગ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓનો ઓનલાઇન ઇન્ડક્શન કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૩૦

બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એ તેમના ડિગ્રી એંન્જીનીયરિંગના પ્રથમ વર્ષ માં પ્રવેશ મેળવેલા વિધાર્થીઓ માટે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની ગાઈડલાઈન પ્રમાણે તા. ૧૯-૧૦-૨૦૨૦થી ૨૯-૧૦-૨૦૨૦ સુધી ઓન- લાઈન ઈન્ડકશન પ્રોગ્રામ યોજયો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને જીટીયુ દ્વારા રજૂ કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓ વિશે જાગૃત અને પરિચિત કરાવવાનો અને સરકાર દ્વારા રજૂ કરવામાં યુનિવર્સલ હ્યુમન વેલ્યુ (યુએચવી) ના પ્રાથમિક ખ્યાલ આપવાનો હતો. આ મુખ્ય પ્રવૃત્તિઓ જેવી કે પ્રૉફિસિએન્સી મૉડ્યૂલ્સ, એન.એસ.એસ. , એનસીસીના જાગૃતિ કાર્યક્રમો, ક્રિએટિવ આર્ટ્સ, ઈનોવેશન સાથે સાહિત્યિક મોડ્યુલો વગેરે મા વિદ્યાર્થીઓએ ખુબજ ઉત્સાહ પુર્વક ભાગ લિધો હતો.આ ઈન્ડકશન કાર્યક્રમ મા સાયન્સ અને હૂમાનીટીસ વિભાગ ના હેડ ડો. મનીષા છાંટબારે વિદ્યાર્થીઓને કેમ્પસ, કોલેજ અને તેના વિવિધ વિભાગો વગેરે ની માહિતી પુરી પાડી હતી.

આ ઉપક્રમે સંસ્થા ના કેમ્પસ ડાયરેક્ટર પ્રો.રવિકુમાર , પ્રિન્સિપાલ ડો. કિંજલ અધવર્યુ, એ સમગ્ર કાર્યક્રમ ઉપસ્થીત રહી વિદ્યાર્થીઓમાં જુસ્સો વધાર્યો હતો.સમગ્ર કાર્યક્રમ નુ સંચાલન સાયન્સ અને હૂમાનીટીસ ના વિભાગ ના સમગ્ર સ્ટાફ મિત્રોએ સાથે મળીને કર્યુ હતુ જ્યારે કાર્યક્રમનુ સંકલન પ્રો.ભાવેશ કોષ્ટિ અને પ્રો.પ્રકૃતિ શાહે કર્યુ હતુ.


# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા કૃષિ બીલ કાયદાઓ ૨૦૨૦ અંગે વેબિનાર યોજાયો


ગાંધીનગર,તા. ૩૦

ભારત સરકાર દ્વારા હાલમાં જ કૃષિ અને ખેડૂત સંબંધિત ૩ નવા કૃષિ બીલો અને કાયદાઓ બનાવવામાં આવ્યા તેને અનુસંધાને ખેડૂતોમાં જાગૃતતા અને સમજણ લાવવા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને મહાદેવ દેસાઈ ગ્રામસેવા કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા દ્વારા “ કૃષિ બીલ અને કાયદાઓ ૨૦૨૦” વિષય પર એક ઓનલાઈન વેબીનારનું આયોજન કરાયું હતું.

કાર્યક્રમની શરૂઆત કેવિકે રાંધેજાના નિયામક ડો વી.કે.ગર્ગના પ્રાસંગિક ઉદબોધનથી કરવામાં આવેલ. ત્યારબાદ વેબીનારના મુખ્ય મહેમાન અને વક્તાશ્રી ડો વિરજીભાઈ ઠુંમ્મર જેઓ નવસારી કૃષિ વિશ્વવિદ્યાલયમાં સંશોધન નિયામક કચેરી ખાતે આયોજન અધિકારી તરીકે ફરજ બજાવે છે તેઓએ પોતાના વક્તવ્યમાં સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ નવા કૃષિ બીલો અને કાયદાઓ અંગે શ્રોતાઓને વિસ્તૃત માહિતી અને સમજણ આપી હતી. તેમણે જણાવ્યું કે આ બીલો ખરેખર ખેડૂતોના હિતમાં અને ફાયદામાં છે તેમજ ખેડૂત પોતે હવે વ્યાપારી બની શકશે અને ખેડૂત પોટે જ પોતાની ઉપજના ભાવ નક્કી કરી શકશે એ દિવસો હવે દૂર નથી તેમજ ખેડૂત પોતાની ઉપજ દેશ અને વિદેશના કોઈપણ ખૂણામાં લે-વેચ કરી શકશે જેનાથી તેને પૂરતા ભાવો અને બજારના અવકાશો પણ મળી રહેશે. ખેડૂતોને પોષણક્ષમ ભાવો અને એપીએમસી માર્કેટ સંબંધિત જે ગેર સમજણો હતી તે વક્તા દ્વારા દૂર કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં દાંતીવાડા કૃષિ વિશ્વવિદ્યાલયના મદદનીશ પ્રાધ્યાપક રાજદીપસિંહ જાડેજા દ્વારા શ્રોતાઓને ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન અને કરાર આધારીત ખેતી અંગે માહિતી આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિષય નિષ્ણાંત ભરત હડિયા દ્વારા કરવામાં આવેલ તેમજ આયોજનમાં કેન્દ્રના સંયોજક ડો રાજીવભાઈ પટેલ અને ટેકનીકલ મદદમાં ભાવિન પટેલનો સહયોગ રહ્યો હતો. આ કાર્યક્રમમાં ખેડૂત ભાઈઓ-બહેનો, વિધાર્થીઓ અને અન્ય કૃષિ વ્યવસાયકારો જોડાયા હતા.




# દેશ અને ઇતિહાસને આકાર આપનાર સરદાર




આજે રાજકીય તથા સામાજિક નેતા અને ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈની ૧૪૫મી જન્મજયંતિ છે. જેને સમગ્ર રાષ્ટ્ર એક્તા દિવસ તરીકે મનાવી રહ્યું છે. ત્યારે આજનો દિવસ દેશની અખંડિતતા અને આઝાદી માટે સરદારે જે ફાળો આપ્યો તેને મુલવવાનો અવસર છે. ૩૧ ઓક્ટોબર ૧૮૭૫ના રોજ નડીઆદ ખાતે જન્મેલા વલ્લભભાઈ પટેલ પિતા ઝવેરભાઈ અને માતા લાડબાના ચોથા પુત્ર હતાં. ચરોતરના પટેલને છાજે એવી એમની ખરબચડી પણ સ્પષ્ટ વાણી. હૈયે હોય તેવું હોઠે આવતું. પણ ‘મોટિવ પાવર’ તો એમનો જ.

રાષ્ટ્રીય ચળવળોની શરૂઆત તેમણે બારડોલીના કિસાન સત્યાગ્રહ સાથે શરૂ કરેલી.. માઉન્ટબેટનના સહકારથી આઝાદી બાદ ૫૬૨ દેશી રજવાડાઓનું વિલિનિકરણ કરી દેશ અને ઈતિહાસને આકાર આપ્યો. ત્યારે માઉન્ટબેટને કહેલું કે :હ્વ એક અખંડ રાષ્ટ્ર બનતાં ભારતને પંદર વર્ષ લાગશે એવું મેં માનેલું, પણ સરદારે તો એ કામ દસ-બાર મહિનામાં જ કરી બતાવ્યું. હ્વ હંમેશા બાપુની દ્રષ્ટીએ જોવાનો પ્રયત્ન કરતા સરદાર બાપુના ચુસ્ત અનુયાયી હતા પણ તેમનું આંધળુ અનુસરણ નહોતા કરતા. તેમની પોતાની પણ એક આગવી દ્રષ્ટી હતી. સત્ય અને અહિંસાના સહારે નાગપુર, બોરસદ અને બારડોલીનો સત્યાગ્રહ સફળ બનાવી શક્યા. આભડછેટ તો એમને કદી સ્પર્શી નહીં. આદિવાસીઓ અને દલિતકલ્યાણની પ્રવૃત્તિઓ, ખાદી, ગ્રામોધોગ, નશાબંધી, નઈ તાલીમ, આશ્રમશાળાઓ, દલિત સેવક સંઘની પ્રવૃત્તિ તથા ભીલ સેવામંડળ જેવી પ્રવ્રુતિઓને તેઓ હંમેશા માર્ગદર્શક રહ્યા.

તેઓ વડા પ્રધાન પદને લાયક હતા પરંતુ ગાંધીજીના આદેશને માન આપી આઝાદ ભારતના પહેલા નાયબ વડા પ્રધાનનું પદ સ્વીકાર્યું. કુશાગ્ર બુદ્ધિ, વિચક્ષણ રાજનીતિજ્ઞતા, વિચાર વિનિમય અને વાક્ચાતુર્યતાને કારણે ગૃહખાતાની જવાબદારી, માહિતી પ્રસારણ મંત્રી, નિરશ્રિતોની રોજી-રોટી, રહેઠાણની અને જાતિ આધારિત સમસ્યાઓ, પક્ષને લગતા પ્રશ્નો, સરકારની નાણાકિય, વહિવટી જેવી અગત્યની સમસ્યાઓ નાદુરસ્ત તબિયત હોવા છતાં ખૂબજ ઓછા સમયમાં સુલજાવી ભારતને અખંડિતતા બક્ષી. મહર્ષિ શ્રી અરવિંદે તો તેમની શક્તિને બિરદાવતાં “Out of all them Patel is the only strong man.”

ચાણક્ય પછી ભારતને સરદાર મળ્યા. ગાંધીજીએ તેમના વિશે કીધું કે: ‘ વલ્લભભાઇ મને ન મળ્યા હોત તો જે કામ થયું તે ન જ થાત. એટલો બધો શુભ અનુભવ મને એમનાથી થયો છે.’


ભારતીય સનદી સેવા તેમજ ભારતીય પોલીસ સેવાની સ્થાપનામાં તેઓ સાધનભુત થયા હોવાથી તેમને ભારતીય સેવાઓના ‘પેટ્રન સેન્ટલ્ર તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતના ખેડુતો પાસેથી વચેટીયાઓ ઓછા ભાવે દુધ ખરીદી બજારમાં ઉંચા ભાવે વેચતા છે. ત્યારે સરદારે આ વચેટીયાપ્રથા દુર કરી ખેડૂત યુનિયન બનાવી વેચાણ જાતે કરવા કહ્યું. આ યુનિયન તે અમુલ દુધ ઉત્પાદક સંઘ.

અમદાવાદમાં અંગ્રેજી વસ્તુઓની હોળીઓ કરવામાં મદદ કરી તેમાં પોતાના બધા અંગ્રેજી શૈલીના કપડાઓ નાંખી દીધા. તેમની પાસે વીસ વર્ષ જેટલું જુનું ચશ્માનું ખોખું, ત્રીસ વર્ષ જૂની ઘડિયાળ અને ચશ્માની એક દાંડી તુટેલી અને બીજી બાજુએ દોરી બાંધતા. તેમની સાથે તેમના પુત્રી મણીબેન તથા પુત્ર ડાહ્યાભાઈ પણ સંપુર્ણ ખાદી પહેરતા. મણિબહેન તો હંમેશા કાંતેલા સૂતરથી ખાદીના વસ્ત્રો પહેરતા. બેરિસ્ટર તરીકેની માસિક ચાલીસ હજાર જેટલી આવક હતી. પણ જ્યારે ૧૫ ડિસેમ્બર ૧૯૫૦માં સરદારનું અવસાન થયું ત્યારે તેઓ નાયબ વડાપ્રધાન હતા અને તે વખતે તેમનું બેંક બેલેન્સ ત્રણસો રૂપિયા હતું. તેમને મળતાં કૌટુંબિક લાભો, દરજ્જો, બધું દેશને સમર્પિત કરી દિધેલ.

તેમનો મુસ્લિમો પ્રત્યેનો અભિગમ બિલકુલ સ્પષ્ટ હતો તેવું તેમણે મુસ્લિમો અંગે લીધેલા નિર્ણયો અને કરેલા વિધાનોમાંથી ઉપસી આવે છે. તેમણે જણાવ્યું કે : ‘ રાષ્ટ્રને વફાદાર મુસ્લિમને ભારતમાં કોઈપણ વફાદાર હિંદુ જેટલું જ સંરક્ષણ મેળવવાનો અને હિંદુઓ જેવા જ હક્કો ભોગવવાનો અધિકાર છે.’ પણ તેમનો બિનરાષ્ટ્રવાદી મુસ્લિમો પ્રત્યેનો રવૈયો અલગ હતો. હૈદરાબાદના નિજામ પોતાના રાજ્યને પાકિસ્તાન સાથે જોડવા માટે તે છેલ્લા શ્વાસ સુધી લડી લેવા તૈયાર હતા. સરદારે નિજામને મક્કમતાથી કહ્યું કે: હ્વ મારી તમને સલાહ છે કે મોડું થાય તે પહેલાં સૂર્યને જોઈ લો. અજવાળુ દેખાય છે ત્યાં સુધી અંધારામાં ભૂસકો ના મારો. હ્વ

એકવાર સરદાર ન્યાયાલયમાં એક સાક્ષીની ઉલટ-તપાસ કરી રહ્યા હતા તે સમયે તેમના પત્નીના દેહાંતના સમાચાર આપતી ચબરખી જ્યારે આપવામાં આવી તે તેમણે વાંચી અને પોતાના ખીસ્સામાં સરકાવી દીધી અને સાક્ષીની ઉલટ તપાસ ચાલુ રાખી અને તેઓ તે મુકદમો જીતી ગયા.

અમદાવાદ ખાતે સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારકના સંગ્રહાલયમાં સરદારની અંગત વસ્તુઓ અને ચિત્રોનું પ્રદર્શન, ઐતિહાસિક ફોટા તથા ગ્રંથાલય અને મહત્વના દસ્તાવેજો છે. સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારક એવા સરદારને ભારતમાંની ઘણી સાર્વજનિક સંસ્થાઓને તેમના નામ સાથે જોડવામાં આવ્યુ છે. નર્મદા નદી ઉપર બંધાયેલા બંધને સરદારબંધ ,સરદાર વલ્લભભાઈ નેશનલ ઈંસ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, સરદાર પટેલ શ્રધ્ધાંજલી છે. ભારતનું સૌથી મોટું બહુમાન ‘ભારત રત્ન’ , ૧૯૯૧માં આપવામાં આવેલ. રિચર્ડ એટનબરોના ‘ ગાંધી’ નામના ચલચિત્રમાં સૈયદ જાફરીએ સરદારની ભૂમિકા



વિશ્વવિદ્યાલય જેવી અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓને સરદારનું નામ આપવામાં આવ્યુ છે. નર્મદા ડેમ ખાતે વિશ્વની સૌથી ૧૮૨ મીટર ઊંચી (૫૨ મીટરનો પાયો ) પ્રતિમા ‘ સ્ટેચ્યુ ઓફ યુનિટી ’ એ દેશે ‘ સરદાર’ને આપેલ ખરી ભજવી છે તો સરદારના જીવન, ભારતના ભાગલા, રજવાડાઓનું એકીકરણ, રાજકીય પરિસ્થિતિ વિગેરે દર્શાવતી કેતન મહેતા દિગ્દદર્શિત ચલચિત્રમાં પરેશ રાવલે સરદારનો રોલ કર્યો છે.

(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧

# સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સિસના વિદ્યાર્થિઓએ SSIP અંતર્ગત યોજાયેલ સ્પર્ધામાં ૧ લાખ ચાલીસ હજારનુ ઈનામ મેળવ્યુ

ગાંધીનગર, તા. ૩૦

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સિસ, ધણપ ની બે ટીમ ને તા. ૦૯/૧૦/૨૦૨૦ ના રોજ એલ. એમ. ફાર્મસી કોલેજ ખાતે SSIP અંતર્ગત યોજાયેલ સ્પર્ધા માં કુલ ૧ લાખ ચાલીસ હજાર રૂ. અનુદાન પ્રાપ્ત કર્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ ટીમમાં સંશોધક ડૉ. મૌલિકકુમાર દિનેશભાઈ વાજા તથા સાતમાં સેમેસ્ટર માં ભણતા વિદ્યાર્થી વિશાલ રણજીત ચૌહાણ દ્વારા ડૉ. અંકિત બી. ચૌધરી (ડાયરેક્ટર પી.જી.)ના માર્ગદર્શન હેઠળ ૧ લાખ રૂપિયાનું અનુદાન મેળવ્યું હતું. બીજી ટીમમાં સાતમાં સેમેસ્ટર માં ભણતા સુમિતકુમાર અશ્વિનભાઈ પટેલ તથા વિશાલ રણજીત ચૌહાણ દ્વારા રવિકુમાર ઠાકર ના માર્ગદર્શન નીચે ૪૦૦૦૦ રૂપિયાનું અનુદાન મેળવ્યું હતું. ઉપરોક્ત બંને ગ્રૂપને કોલેજનું ગૌરવ વધારવા બદલ સંસ્થા વતી અભિનંદન પાઠવવામા આવ્યા હતા.

